**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૧૩/૨/૨૦૧૫ શુક્રવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૦૭/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી, ૯૯ લીટર દેશી દારૂ, ૪૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૬૪ ઈંગ્લીશ ક્વાર્ટર દારૂ અને ૧૨૮ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૧ કેસ કરી ૧ વ્યક્તિને ઝડપી રૂપિયા ૨૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૦૮/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૪ વ્યક્તિઓની તેમજ પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૩૦૯/૧૫**

**નરોડાઃ** છાયાબહેન વીરમભાઈ ચૌધરી (ઉ.વ.૧૭) (રહે.મહાવિર સ્મૃતિ વિભાગ-૯ દુર્ગાચોક સામે નવા નરોડા) ને તા.૬/૨/૧૫ નારોજ નવા નરોડા મહાવિર સ્મૃતિ વિભાગ-૯ ખાતેથી આરોપી નિખીલભાઈ સદાભાઈ પટેલ (રહે.ગામ લાલપુર તાલુકો મોડાસા જીલ્લો અરવલ્લી) લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ છાયાબહેનના મામા અરવિંદભાઈ સદાભાઈ પટેલે તા.૧૨/૨/૧૫ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી પી પીરોજીયા ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૩૧૦/૧૫**

**નરોડાઃ** ધનેશ હિરાનંદ જેઠાણી ( રહે. ધરણીધર એવન્યુ મધુવન ગ્લોરી પાસે પાર્શ્વનાથ ટાઉનશીપ નવા નરોડા) એ તા.૧૨/૨/૧૫ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩/૨/૧૫ બપોરના ૩/૦૦ થી તા.૧૦/૨/૧૫ રાતના ૮/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૮,૦૦૦/- મળી કુલ કિમત રૂપિયા ૧,૩૮,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે એચ જાડેજા ચલાવે છે.

**ઈસનપુરઃ** અરીજીત અપુર્વ ભટ્ટાચાર્ય (રહે. જય કૃષ્ણ સોસાયટી રામવાડી ઈસનપુર) એ તા. ૧૨/૫/૧૫ નારોજ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૨/૧૫ કલાક ૧૦/૩૦ થી તા.૧૨/૨/૧૫ કલાક ૩/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિએ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૮૦,૦૦૦/- મતાની ચોરી કરી અને ઘરમાં આંગ લગાડી દીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ ડી પંચાલ ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૧૧/૧૫</u>**

**સેટેલાઈટઃ** તેજસભાઈ ચૈતન્યપ્રસાદ દલવાડી (રહે.સોહમ ટાવર સોમેશ્વર બંગલોઝ શ્યામલ ચાર રસ્તા સેટેલાઈટ) એ તા.૧૨/૨/૧૫ નારોજ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૧/૧૫ સવારના ૭/૦૦ થી તા.૧૦/૨/૧૫ કલાક ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના કબાટમાંથી રોકડ રૂપિયા ૩,૦૬,૪૫૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ બી બાલીયા ચલાવે છે.

**ઓઢવઃ** નિતીન રમાકાંત મોર્ય (રહે.નિરંજનપુર નઈ બસ્તી દેવાસ નાકા ઈન્દોર મધ્યપ્રદેશ) એ તા.૧૨/૨/૧૫ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૨/૧૫ રાતના ૮/૦૦ થી તા.૧૨/૨/૧૫ સવારના ૮/૩૦ વાગ્યા દરમ્યાન કઠવાડા જીઆઈડીસી ન્યુ વિહત ટ્રાન્સપોર્ટ ખાતે પાર્ક કરેલ ટ્રકની તાડપત્રી કાપી ફાર્માસ્ટ્રીસ્ટના કાર્ટુન નંગ-૧૦૦ કિમત રૂપિયા ૨,૩૩,૮૬૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર જી ખાંટ ચલાવે છે.

**<u>વાહન ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૧૨/૧૫</u>**

**નારણપુરાઃ** પ્રવિણકુમાર ધુળાભાઈ પરમાર (રહે.જોગણીમાતાની ચાલી રામાપીરનો ટેકરો વાડજ) એ તા.૯/૧/૧૫ કલાક ૩/૦૦ વાગે વાડજ રામાપીરનો ટેકરો બી.આર.ટી.એસ.સ્ટેન્ડની બાજુમાં પોતાની મહેન્દ્રા પીકઅપ ગાડી નંબર જીજે ૨ ઝેડ ૨૯૮૪ કિમત રૂપિયા ૨,૫૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી સવારના ૯/૦૦ વાગ્યા દરમ્યાન થી હતી. આ અંગેની ફરીયાદ પ્રવિણકુમાર પરમારે તા.૧૨/૨/૧૫ નારોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જી.એમ. ગોહેલ ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૧૩/૧૫</u>**

**સરદારનગરઃ** અનિલભાઈ ધનશ્યામદાસ રેલવાણી (રહે.દીંધી કોલોની મનિષ મેડીકલ પાછળ સરદારનગર) તા.૧૦/૧/૧૫ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે સરદારનગર કોમ્યુનિટી હોલ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા મોટર સાયકલ ચાલકે મોટર સાયકલ બેદરકારીથી ચલાવી અનિલભાઈને ટક્કર મારતા અનિલભાઈને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાંતા.૧૧/૨/૧૫ સાંજના ૬/૪૫ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર અનિલભાઈના ભાઈ સુરેશભાઈએ તા.૧૨/૨/૧૫ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે આ ગુનાની તપાસ હે.કો.શ્રી સુનીલભાઈ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.